# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21-04-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે

****************************************************

1) આણંદમાં ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટા-ચૂંટણી માટે પ્રચાર પડઘમ શાંત.

2) સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ વિવિધ રાજકીય પક્ષના નેતાઓનો પૂરજોશમાં પ્રચાર.

3) ગુજરાત ATS-એ આતંકી સંગઠન I.S.I.S. સાથે સંપર્કમાં રહેતા બે આરોપીની ધરપકડ કરી.

4) રાજ્યમાં આગામી દિવસોમાં ગરમી વધવાની આગાહી.

5) વડોદરામાં યોજાયેલી રાજ્યકક્ષાની ટેકવેંન્ડો સ્પર્ધામાં બોટાદના ખેલાડીઓએ 16 ચંદ્રક જીત્યા.

..............................................................

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# UMRETH BY ELECTION

આણંદની ઉમરેઠ વિધાનસભા બેઠક પર આ ગુરુવારે યોજાનારી પેટા-ચૂંટણી માટેના પ્રચાર પડઘમ આજે સાંજે શાંત થયા. પેટા-ચૂંટણીમાં આ વખતે છ ઉમેદવારો મેદાનમાં છે.

(VOICECAST: PARESH MAKWANA)

# POLITICAL CAMPAIGN

સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી પહેલા વિવિધ રાજકીય પક્ષના ટોચના નેતાઓ મતદારોને રિઝવવા એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. ભાજપના વરિષ્ઠ નેતા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડોદરામાં ભાજપના હોદ્દેદારો અને પક્ષના કાર્યકર્તાઓ સાથે સંવાદ કરી તેમને માર્ગદર્શન આપ્યું.

જ્યારે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આણંદમાં ભાજપના ઉમેદવારોના સમર્થનમાં પ્રચાર કર્યો. તેમણે સામરખા અને આંકલાવ ખાતે જંગી સભાઓ યોજી ઉમરેઠની પેટાચૂંટણી અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપના ઉમેદવારોને વિજયી બનાવવા અપીલ કરી.

બીજી તરફ, કૉંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાજ્યસભા સાંસદ શક્તિસિંહ ગોહિલે ભાવનગરમાં પ્રચાર કર્યો. તેમણે સત્તાપક્ષ પર પ્રહાર કર્યા. સાથે જ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કૉંગ્રેસ જીતશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

તો, આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ રાજકોટમાં વૉર્ડ નંબર 18માં ઘરેઘરે જઈ પ્રચાર કર્યો હતો.

# BHAVNAGAR TAPI POLICE PATROLLING

સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટે રાજ્યભરમાં પોલીસ દ્વારા ઠેર-ઠેર તપાસ કરવામાં આવી રહી છે. તાપીમાં નાયબ પોલીસ અધિક્ષક, સોનગઢ પોલીસ ઇન્સ્પેક્ટર, PSI, પોલીસકર્મીઓ અને ગ્રામરક્ષક દળ – GRDના જવાનોએ ડોસવાડા ગામમાં ખાટિબોર ફળિયું, ઓવરી ફળિયું અને ગાયવાડા ફળિયા વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ કર્યું.

જ્યારે ભાવનગરમાં પોલીસે અત્યાર સુધી ચાર હજાર 921 જેટલા લોકો સામે અટકાયતી પગલા લીધા તેમજ પાંચ આરોપીને પાસા હેઠળ જેલભેગા કર્યા. આ સાથે જ પોલીસ 23 જેટલા સંવેદનશીલ વિસ્તારમાં ચાંપતી નજર રાખી રહી છે. જ્યારે મહુવા, ગારિયાધાર, વેળાવદર, ઘોઘા, વલ્લભિપૂર અને ઉમરાળા પોલીસમથકના અધિકારીઓને સતત પેટ્રોલિંગ કરવા અને ગુનાહિત ઇતિહાસ ધરાવતા લોકો પર ચાંપતી નજર રાખવા આદેશ અપાયો છે.

# JUNAGADH LOCAL ELECTION

જુનાગઢમાં આ રવિવારે કેશોદ નગરપાલિકા, ભેંસાણ, માળિયા-હાટિના, માંગરોળ, વિસાવદર, કેશોદ અને મેંદરડા તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી તથા બાંટવા નગરપાલિકાની પેટા-ચૂંટણી માટે મતદાન થશે.

(VOICECAST: SANJIV MEHTA)

# FICCI 100 YEARS CM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં ભારતીય વેપાર અને ઉદ્યોગ મહામંડળ – ફિક્કીની સ્થાપનાના 100 વર્ષની ઉજવણીનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે ફિક્કીની રાષ્ટ્રીય કાર્યકારી સમિતિની બેઠકને સંબોધતાં તેમણે દેશના સૌથી જૂના, પ્રતિષ્ઠિત અને પ્રભાવશાળી ઉદ્યોગ મંચ તરીકે ફિક્કીની 100 વર્ષની સફળ યાત્રાને નોંધપાત્ર સીમાચિહ્ન ગણાવી.

અન્ય એક સત્રમાં ઉપસ્થિત નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ રોકાણકારોને રાજ્યમાં તેમનાં રોકાણ સુરક્ષિત અને ભવિષ્યમાં સારું વળતર આપશે તેવી બાંહેધરી આપી.

આ પ્રસંગે ફિક્કીના અધ્યક્ષ અનંત ગોએન્કાએ રાજ્યના ઉત્પાદન, સેવાઓ અને ડિજિટલ જાહેર માળખામાં રોકાણ વધારવા ફિક્કીની ઉત્સુકતા વ્યક્ત કરી હતી.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# GUJARAT ATS ARREST

ગુજરાત આતંકવાદ વિરોધી દળ – ATS-એ આતંકી સંગઠન I.S.I.S. સાથે સંપર્કમાં રહેનારા અને કટ્ટરપંથી વિચારધારા ધરાવતા બે આરોપીની ધરપકડ કરી. આ બંને આરોપી દેશવિરોધી કાવતરું રચી હુમલો કરવાની તૈયારીમાં હોવાનું ગુજરાત ATSના S.P. કે. સિદ્ધાર્થે જણાવ્યું. તેમણે કહ્યું, પાટણના સિદ્ધપુર અને મુંબઈથી પકડાયેલા આરોપીઓ પાસેથી વાંધાજનક સાહિત્ય પણ કબજે કરાયા છે. બંને આરોપીના 11 દિવસના રિમાન્ડ મેળવી ATS દ્વારા વધુ તપાસ હાથ ધરાઈ છે.

(BYTE: K. SIDDHARTH, SP, ATS)

# DHANDHUKA DEMOLITION

અમદાવાદના ધંધુકામાં વહીવટી તંત્ર દ્વારા ગેરકાયદે દબાણ હટાવાયું. દરમિયાન ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ગુનાહિત ઇતિહાસ ધરાવતા લોકોના વીજ જોડાણ પણ કાપવામાં આવ્યા. આ અંગે નાયબ જિલ્લા પોલીસ વડાં આસ્થા રાણાએ વધુ માહિતી આપી.

(BYTE: AASTHA RANA, DySP)

# STATE WEATHER UPDATE

રાજ્યમાં આગામી દિવસોમાં ગરમી વધવાની શક્યતાને જોતા તાપમાનનો પારો 43 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે. હવામાન વિભાગના પ્રાદેશિક નિયામક ડૉક્ટર એ. કે. દાસે કહ્યું, આગામી ત્રણ દિવસ તાપમાનમાં મોટો ફેરફાર જોવા નહીં મળે, પરંતુ ધીમેધીમે બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે.

(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AHMEDABAD)

દરમિયાન રાજ્યમાં હાલ સૌથી વધુ 41 ડિગ્રી સેલ્સિયસ તાપમાન રાજકોટમાં નોંધાયું છે.

# GUJARAT PLAYERS MEDAL

બોટાદના ખેલાડીઓએ વડોદરામાં યોજાયેલી છઠ્ઠી જૂનિયર અને સિનિયર ઑફિશિયલ સ્ટેટ ચૅમ્પિયનશીપમાં 16 ચંદ્રક જીત્યા છે. વડોદરાની M.K.G.M. શાળામાં તાજેતરમાં યોજાયેલી સ્પર્ધામાં બોટાદની આદર્શ DLSS - જિલ્લાકક્ષાની રમતગમત સંકુલના બાળકો અને બાળકીઓની ટૅકવૅન્ડો એટલે કે, માર્શલ આર્ટ રમતની ટીમે આ સિદ્ધિ મેળવી.

સ્પર્ધામાં ખેલાડીઓએ 17 વર્ષથી ઓછી વયની બાળકીઓની શ્રેણીમાં 11, 17 વર્ષથી ઓછી વયના બાળકોની શ્રેણીમાં ચાર અને 19 વર્ષથી ઓછી વયના બાળકોની શ્રેણીમાં એક એમ કુલ 16 ચંદ્રક મેળવ્યા છે. આ સિદ્ધિ બદલ ગુજરાત રમગતમત સત્તામંડળે ખેલાડીઓને શુભેચ્છાઓ પાઠવી.

# SWAGAT PROG CANCELED

લોકોની રજૂઆતો અને સમસ્યાઓના ઑનલાઈન નિવારણનો આ મહિનાનો સ્વાગત કાર્યક્રમ 23 ની જગ્યાએ આગામી 30 એપ્રિલે યોજાશે. સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓને લઈ આદર્શ આચારસંહિતા અમલમાં હોવાથી રાજ્ય અને જિલ્લાકક્ષાનો સ્વાગત એટલે કે, ટૅક્નોલોજીના ઉપયોગ દ્વારા ફરિયાદ પર રાજ્યવ્યાપી ધ્યાન નિવારણ કાર્યક્રમ 23 એપ્રિલે નહીં યોજાય, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

# NAKALI PASPORT-VALSAD

વલસાડમાં નકલી દસ્તાવેજોના આધારે પાસપોર્ટ મેળવવાના આરોપ હેઠળ બે લોકો ઝડપાયા. વલસાડ સિટી પોલીસ અને SOG એ અબ્રામા વિસ્તારમાં તપાસ કરતાં બે સગા ભાઈએ વિદેશ જવા નકલી દસ્તાવેજ બનાવ્યા હોવાનું જણાયુ. ગુનાહિત ઇતિહાસ ધરાવતા આ બંનેને કાયદેસર રીતે પાસપોર્ટ ન મળતા તેમણે આ ગેરકાયદેસર માર્ગ અપનાવ્યો હતો. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# REV INTERMINISTRIAL BRIEFING

સરકારે જણાવ્યું, દેશભરમાં ઘરેલું LPGનો પૂરવઠો સામાન્ય છે અને દેશભરમાં LPG વિતરકો પાસે પૂરવઠાની અછતના કોઈ અહેવાલ નથી. પશ્ચિમ એશિયાના તાજેતરના ઘટનાક્રમ અંગે નવી દિલ્હીમાં યોજાયેલા આંતર-મંત્રાલય પત્રકાર સંમેલનને સંબોધતાં પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયનાં સંયુક્ત સચિવ સુજાતા શર્માએ કહ્યું, આંતર-રાષ્ટ્રીય બજારમાં કાચા તેલ અને LPGની વધતી કિંમત વચ્ચે સરકારે ઘરેલુ LPG પૂરવઠાને અવિરત સુનિશ્ચિત રાખવાનો પ્રયાસ કર્યો છે.

# VALSAD DRUGS SEIZED

વલસાડમાં પોલીસે એક લાખ રૂપિયાથી વધુની કિંમતના કેફી પદાર્થ સાથે એક વ્યક્તિની ધરપકડ કરી. દોલતનગર વિસ્તારમાં વિશ્રામ હૉટેલની પાછળ અલિફ રૉ–હાઉસના નવ નંબરના મકાનમાં કેફી પદાર્થના વેચાણની માહિતી મળતા પોલીસે તપાસ હાથ ધરી હતી. દરમિયાન એક વ્યક્તિ પકડાયો હોવાનું નાયબ જિલ્લા પોલીસ વડા એ. કે. વર્માએ જણાવ્યું.

(BYTE: A. K. VARMA, DySP)